ક્રમાંક :પ્રાવિ.૨/ચૂંટણી/૨૦૧૯/ ૪૩૨૩૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા,પાલનપુર
તા.૧૮/૦૯/૨૦૧૯

પ્રતિ,
એસ.વી.એસ.કન્વીનરશ્રી,
તમામ, બનાસકાંઠા-પાલનપુર

વિષય: મતદારયાદી ચકાસણી કાર્યક્રમ (Electors Verification Programme) ના અમલીકરણ અંગે
સંદર્ભ:જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટરશ્રી બનાસકાંઠાની તા.૧૮/૦૯/૨૦૧૯ ની મીટીંગમાં મળેલ સૂચના અનુસાર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે,Electors Verification Programme (EVP) તા.૦૧/૦૯/૨૦૧૯ના રોજથી શરૂ થયેલ છે, આપના એસ.વી.એસ. હેઠળની તમામ શાળાના સ્ટાફ અને તેમના પરીવારજનો ના વેરીફીકેશન થાય તે માટે આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ શાળાઓને પાઠવી ઉક્ત કામગીરી સમયમર્યાદામાંપૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં નીચે મુજબના પત્રકમાં આપના એસ.વી.એસ. ની શાળાઓમા EVP અંતર્ગત થયેલ કામગીરીની રોજેરોજની વિગતો bnsdeo@gmail.comઉપર E-MAIL પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

| અ.નં | S.V.S નું નામ | S.V.S અંતર્ગત તમામ કર્મચારી પૈકી EVP અંતર્ગત વેરીફીકેશન થયેલ કર્મચારીઓની સંખ્યા | કર્મચારીઓના પરીવારજનો પૈકી વેરીફીકેશન થયેલ સભ્યોની સંખ્યા |
|---|---|---|---|
| | | | |
| | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

બિડાણ:-Voter helpline mobile app કાર્યપ્રણાલીની માર્ગદર્શિકા

Scanned by CamScanner

# Voter Helpline Mobile App ની કાર્યપ્રણાલી

૧. કોઇ પણ Android, OS, Apple મોબાઇલમાંથી Google play store or Apple App Store જઇ Voter Helpline  ડાઉનલોડ કરો.

૨. એપ ડાઉનલોડ થયા બાદ તેને ઓપન કરી તેમાં ડાબી બાજુએ સૌથી નીચે આવતા ઇ.વી.પી. સીમ્બોલ પર ક્લીક કરી મતદાર તરીકેની વિગતોની ચકાસણી કરી શકો છો.



૩. જે ઇ.વી.પી. સીમ્બોલ પર ક્લીક કર્યા બાદ નીચે તમારો મોબાઇલ નંબર એન્ટર કરી નીચે 

. બટન પર ક્લીક કરવાથી વન ટાઇમ પાસવર્ડ **(OTP)** જનરેટ થશે જે દાખલ કરી રજીસ્ટ્રેશન કરવું. મેનું ખુલશે અને નીચે મુજબનું મેનું સ્ક્રીન પર આવશે.




૪. ઉપર દર્શાવેલ સ્કિન મુજબ હવે તમે તમારી મતદાર તરીકેની વિગતો ઉપર જણાવેલ મેનું મુજબ
૧. ચૂંટણી કાર્ડ પરનું બારકોડ પર સ્કેન કરી ૨. મતદારયાદીમાંના નામની વિગતો આપી ૩. ચૂંટણી કાર્ડ નંબર એન્ટર કરી મતદારયાદીમાંની વિગતો ઓનલાઇન ડીસપ્લે થશે.

૫. ઉક્ત વિગતો માટે એક કરતા વધુ નામની વિગતો ડીસપ્લે થાય તો તેમાંથી તમારૂ નામ શોધી તેમાં જમણી બાજુએ નીચે આવતા <u>"its Me"</u> બટન પર ક્લીક કરો.

Scanned by CamScanner

૬. ત્યારબાદ એક અલગ ડાયલોગ બોક્ષ ઓપન થશે. જેમાં "YES" પર ક્લીક કરવાથી તમારા મોબાઇલ નંબર તમારા ચૂંટણી કાર્ડ સાથે ઓનલાઇન ERO-Net સાથે લીંક અપ થઇ શકશે. જો તમો તમારા મોબાઇલ નંબર તમારા ચૂંટણી કાર્ડ સાથે લીંક અપ કરવા ન ઇચ્છતા હો તો "NO" પર ક્લીક કરી આગળ વધી શકાય છે. અને લીંક અપ કરવા ઇચ્છતા હો તો બીજીવાર OTP આવશે જે મોબાઇલ નંબર લીંકઅપ માટે હશે.




૭. ત્યારબાદ તમારી મતદારયાદીમાંની તમામ વિગતો સ્કિન પર ડીસપ્લે થશે. જેમાં તમારી વિગતોની ચકાસણી કરી સાચી હોય તો ડાબી બાજુ નીચે "Verify" પર ક્લીક કરી સબમીટ કરવાની થાય છે. પરંતુ જો કોઇ વિગત સાચી ન હોય સુધારવાને પાત્ર હોય તો જમણી બાજુ નીચે "Modify" પર ક્લીક કરી સુધારો કરવાનો થાય છે.




૮. ઉપર પ્રમાણે તમારા નામની વિગતોની ચકાસણી/સુધારો કર્યા બાદ નીચે "COMPLETE MY FAMILY TREE" બટન પર ક્લીક કરી તમો તમારા ફેમીલીના મેમ્બરના સભ્યોની વિગતોની પણ ક્રમ ૪ થી ૭ની મુજબની પ્રકિયા અનુસરી ચકાસણી કરી શકો છો.

Scanned by CamScanner

૯. આ ઉપરાંત તમો મતદારયાદીમાં તમારૂ નામ સુધારો કરવા (ફોર્મ નં.૮), મતદારયાદીના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ દાખલ કરવા (ફોર્મ નં.૮-ક) તમારૂ નામ મતદારયાદીમાંથી એક સ્થળેથી કમી કરી અન્ય સ્થળે દાખલ કરવા (ફોર્મ નં.૭) , મતદારયાદીમાં નવું નામ દાખલ કરવા (ફોર્મ નં.૬), જુનુ ચૂંટણી કાર્ડ બદલી નવું ચૂંટણી કાર્ડ મેળવવાની અરજી, મતદારયાદી/ચૂંટણી સંબંધીત કોઇ ફરિયાદ તેમજ ચૂંટણી લક્ષી અન્ય જાણકારી આ એપ દ્વારા મેળવી શકો છો.

૧૦. આ સેવા તા.૦૧/૦૯/૨૦૧૯ થી ઉપલબ્ધ થશે.

Scanned by CamScanner